પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
વિદ્યાસહાયક યોજના માટે પસંદગીના ધોરણ
નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૦૭/૧૦૧૯/ ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 01 APR 2008

**વંચાણે લીધા :-**

(૧) શિ. વિ. નો તા.૮-૬-૭૩ નો ઠરાવ ક્રમાંક: પીટીઆર-૧૦૮૦-૧૫૦૪૧-ક
(૨) શિ. વિ. નો તા.૧૯-૭-૮૯ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૩૯૮-૧૭૨૮-ક
(૩) શિ. વિ. નો તા.૧૧-૬-૯૮ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
(૪) શિ. વિ. નો તા.૨૧-૬-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૦૯૬-૩૦૫૦-ક

**ઠ રા વ :-**

સંદર્ભ ક્રમાંક (૧) અને (૨) માં જણાવેલ ઠરાવથી પ્રાથમિક શાળાઓમાં ઉપલા ધોરણમાં વિષય શિક્ષક નિમવાની સંકલિત યોજના અમલમાં મુકવામાં આવેલ છે. ઉપરાંત સંદર્ભ-3 માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલીકાઓ, મહાનગરપાલીકાઓની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવા અંગેની યોજના અમલમાં મુકી છે. સંદર્ભ-૧ અને ૨ માં જણાવેલ ઠરાવમાં નિયત કરવામાં આવેલ સંગીત શિક્ષકની જગ્યા માટેની લાયકાત સુધારવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણેની શૈક્ષણિક લાયકાત નિયત કરેલ છે.
(૧) ઉપર્યુક્ત સંદર્ભ-૨ માં જણાવેલ ઠરાવના ફકરા-૨(ડ) અને ૨(ઇ) ના નિયમની જોગવાઈ રદ કરી તેને બદલે નીચે પ્રમાણેની જોગવાઈ નવેસરથી નિયત કરવામાં આવેછે.

(૨) (ડ) ઉમેદવાર સંગીત શિક્ષકની ભરતી માટે ધો.૧૨ પાસ તથા સરકાર માન્ય સંસ્થામાં સંગીત વિષારદની લાયકાત ધરાવતો હોવો જોઈએ. પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે ધો.૧૨ પાસ સાથે સંગીત વિષારદની લાયકાત ધરાવતો હોવો જોઈએ. પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોને સંગીત શિક્ષક તરીકે અગ્રતા આપવામાં આવે છે તેમાં નામ.હાઈકોર્ટે એલપીએ નં-૧૦૫૯/૨૦૦૭ ઈન એસસીએ નં-૧૨૨૪૫/૦૭માં આપેલ ચુકાદા મુજબ પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારોને અગ્રતા આપવાની ઉપર આમુખ ક્રમાંક-(૩)ના ઠરાવના નિયમ-૪(૫) ની જોગવાઈ રદ કરી એક

સરખી ગુણવત્તા ધરાવતા બે અથવા વધુ ઉમેદવારોમાં પ્રજ્ઞાચક્ષુ ઉમેદવારને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

૨. ઉપરાંત આ વિભાગના આમુખ ક્રમાંક-૪માં જણાવેલ ઠરાવના ફકરા-૨(૧)ની જોગવાઈને રદ કરી તેને બદલે નીચે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવે છે.

૨. (૧) ઉમેદવારે નીચે જણાવેલ કેળવણી વિષયક લાયકાતની પરીક્ષાઓ પાસ કરેલી હોવી જોઈએ.

(૧) એચ.એસ.સી./પી.ટી.સી.
(૨) એચ.એસ.સી/સી.પી.એડ (વ્યાયામ શિક્ષક માટે)
(૩) એચ.એસ.સી./એ.ટી.ડી (ચિત્ર શિક્ષક માટે)
(૪) એચ.એસ.સી./સંગીત વિશારદ (સંગીત શિક્ષક માટે સરકાર માન્ય સંસ્થામાંથી સંગીત વિશારદનુ પ્રમાણપત્ર મેળવેલુ હોવુ જોઈએ)

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**પોપટસિંહ વાધેલા**
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ :-
(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય ,ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રા. ગૃહ નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૮) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય ,ગાંધીનગર
(૯) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૦) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૧) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૨) તમામ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૩) નગરપાલિકા અને નગરપંચાયત **(પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)**
(૧૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૫) શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
(૧૬) શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
(૧૭) સિલેકટ ફાઈલ.